|| चैतन्य || CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# ભારતમાં જૂની ખેતપદ્ધતિ

**Karangiya Disha Babubhai**

**Shree R. P. Chavda Mahila Arts College, Bhatiya**

## સારાંશ

ભારત એક કૃષિપ્રધાન દેશ છે. જેની પરંપરાગત ખેતીની રીત વર્ષો જૂની હોવાથી તેને પરંપરાગત કૃષિ પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે. આપણા પૂર્વજો એ પર્યાવરણ સાથે સુમેળ સાધી ખેતી કરવાની અદભુત પદ્ધતિઓ વિકસાવી હતી. તે ખેત પદ્ધતિ અંતર્ગત આજે ભારતની ખેતી વ્યવસ્થાને વધુ વેગ મળ્યો છે. એમ કહેવાય છે કે ભારતની ખેતી આજે આધુનિકતા તરફ વળી છે પરંતુ તેના મૂળમાં તો જૂની પુરાણી જ ખેત પદ્ધતિ જ કાયમ છે. જેમાં જૂના પરંપરાગત બિયારણો, રાસાયણિક ખાતરો, જૂના ઓજારો, જૂની સિંચાઈ પદ્ધતિઓ વગેરે જોવા મળે છે. આવી ઘણી જ પરંપરાગત કૃષિ બાબતો આજે આપણે ભૂલી ગયા છીએ તો, પ્રસ્તુત સંશોધન અભ્યાસ દ્વારા જૂની ખેત પદ્ધતિ અંગેની મહત્વની બાબતોની જાણકારી મેળવવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

**ચાવીરૂપ શબ્દો** : ખેતી, દેશ, પદ્ધતિ, બિયારણ, ખાતર, ઓજાર

### પ્રસ્તાવના

આજે શા માટે જૂની ખેત પદ્ધતિઓને યાદ કરવી જોઈએ, આજે જ્યારે આપણે રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના વધુ પડતા ઉપયોગથી પર્યાવરણને નુકશાન પહોંચાડી રહ્યા છીએ. ત્યારે જૂની ખેત પદ્ધતિઓમાંથી પ્રેરણા મેળવવી જરૂરી બને છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં ભારતની પરંપરાગત ખેત પદ્ધતિ અંગેની મહત્વની બાબતોને સમજાવવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવશે. તેમજ પર્યાવરણીય શિક્ષણ અને સંરક્ષણને પણ કેન્દ્રમાં રાખીને અભ્યાસ હાથ ધરવામાં આવશે.

**હેતુઓ**

- ભારતની જૂની ખેત પદ્ધતિ અંગેની મહત્વની બાબતો અભ્યાસ કરવો.
- ભારતની જૂની ખેત પદ્ધતિ સંદર્ભમાં જૂના બિયારણ, ખાતર, ઓજાર તેમજ સિંચાઇ વ્યવસ્થા અંગેની મહત્વની બાબતોનો અભ્યાસ કરવો.

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિનો આધાર લઈ ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**સંદર્ભ સાહિત્યની સમીક્ષા**

**બાળકૃષ્ણ મૂળે (2008) કૃષિ**

માનવશ્રમ ખેતી પ્રવૃત્તિ અને ખેતી પદ્ધતિનો સમન્વય કરી જમીનનું ખેડાણ કરી સતત સમયના વેગે કામ કરી, કાળી મજૂરી કરી વર્ષે ખેત પેદાશો મેળવે છે. ખેત પેદાશો એ તમામ પ્રકારની જરૂરી વસ્તુઓ જેમજ માણસની પ્રાથમિક જરૂરિયાતો છે. ખેત પેદાશો સાથે ખેડૂત અન્ય વ્યવસાય જેમકે પશુપાલન, મરઘાં- બતકા ઉછેર જેવી આનુષંગિક પ્રવૃત્તિઓનો પણ કરીને અન્ય રીતે આવક પ્રાપ્ત કરી શકે છે. જમીનની વધુ ફળદ્રૂપતા મેળવવા માટે ખેડુત વધુ કુશળતાપૂર્વક કામગીરી બજાવી અનેક રીતે ગુણવતાયુક્ત ખેત પેદાશો પ્રાપ્ત કરી આંતરિક અને બાહ્ય દ્રષ્ટિએ દેશને કમાણી કરી આપવામાં મદદરૂપ બને છે. આજે દુનિયાના તમામ દેશો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કૃષિ ક્ષેત્ર પર આધાર રાખતા જોવા મળે છે કારણકે કૃષિ જ અન્ય ક્ષેત્રોના વિકાસમાં મહત્વનુ સ્થાન ધરાવે છે. આ સિવાય કોઈ પણ દેશના અર્થતંત્રના ઈતિહાસમાં જાખી લેવું કે કૃષિ પ્રવૃતિ નહિ તો અન્ય ક્ષેત્રોનો વિકાસ નહિ, વિકાસ નહિ તો ઉત્પાદન અને મૂડીરોકાણ નહિ, મૂડીરોકાણ નહિ તો રોજગારી અને આવકો પણ નહિ. આમ, કૃષિ ક્ષેત્ર દેશના વિકાસમાં મહત્વનુ સ્થાન ધરાવે છે, તે વાત ભૂલવી નહીં.

**હેમાલી પટેલ (2019) કૃષિ પરિચય ઉદ્દભવ અને વિકાસ**

ભારતીય કૃષિનો વિકાસ આશરે 10 હજાર વર્ષ પૂર્વેથી વિકસેલો જોવા મળે છે. ખેતીની જમીન ખોદીને, તેમાં પાળા બાંધી, બીજ વાવીને આ તમામ પ્રક્રિયા બાદ વ્યવસ્થિત સ્વરૂપે અનાજ મેળવવા પ્રથા પહેલેથી જ આવતી રહી છે. માનવીએ પ્રથમ કયાં અને ક્યારે ખેતી કરવાની શરૂઆત અને જરૂરિયાત શું હતી તેની વિગતવાર બાબતો હજી પણ સ્પષ્ટ થઈ નથી. ભારત સિવાયના દેશો જેમકે આફ્રિકા, આરબ અમિરાત, મંગાર્લિયા, ઓસ્ટ્રેલીયા. કંગોનાં, અંદામાન નિકોબાર વગેરે સ્થાને કે વિસ્તરે હજી

પણ આદિવાસી વશે છે અને જંગલો, વન વિસ્તાર અને ખુલ્લા રહેઠાણમાં કુદરતી ખેતી કરે છે. ભારત આઝાદ થયું બાદ સમગ્ર વિશ્વમાં ભારત એક ખેતીપ્રધાન દેશ તરીકે વિકસતા અર્થતંત્ર તરીકે ઉભરી આવ્યું હતું. આમ, અવી ઘણી જ મહત્વની બાબતો પર પ્રસ્તુત સંશોધન અભ્યાસ આધાર રાખતું હતું.

**ભારતમાં જૂની ખેત પદ્ધતિ**

પરંપરાગત ખેતી, તે એ ખેતી પ્રણાલીનો ઉલ્લેખ કરે છે જેમાં કુદરતી ખાતરો, જંતુનાશકો, માનવ સર્જિત સામાન્ય ઓજારો દ્વારા સામાન્ય આહાર અને તેને સંલગ્ન કામગીરી તેમજ સિંચાઈ પૂરતી સુવિધા દ્વારા ખેતી પ્રવૃતિઓનો સમાવેશ થાય છે. આમ, પરંપરાગત ખેતી સામાન્ય રીતે ખૂબ જ સંસાધનની માંગ અને ઉર્જા-સઘન જોવા મળી હતી, તે ખૂબ ઉત્પાદક અને ઉત્પાદકતા ધરાવતી હતી તેમ પણ માનવામાં આવે છે, પરંપરાગત કૃષિ પદ્ધતિઓ 19મી સદીના અંતથી વધુ વિકાસમાં આવી છે તેમ અનેક સ્રોત દ્વારા જાણવા મળે છે. આમ, પ્રસ્તૂત સંશોધન અભ્યાસમાં પરંપરાગત જૂની ખેત પદ્ધતિ અંગેની મહત્વની બાબતો અને તેના નીપજકોની વાત કરીશું.

**1) બિયારણ**

**સામાન્ય સમજ.......**

- બિયારણ એટલે પાકને ઉગાડવા કે વાવવા માટેનાં બિયાં, બી, બીજ, સીડ વગેરે.

**બિયારણ અંગેની પંરપરાગત બાબતો**

- પૌરાણિક કાળથી ખેતી માનવ સમાજ માટેનો આધારસ્થંભ બની રહ્યું છે. તે સમયથી જ બિયારણ માત્ર ખેતીનું ઘટક જ નહિ, પરંતુ ખેડૂતો માટે તે આધ્યાત્મિક અને જીવનનિર્વાહ માટેની એક વસ્તુ બની રહી હતી.

**બિયારણ પસંદગી**

**- આધ્યાત્મિક મહત્વ**

- દરેક પાકનું બિયારણ કોઈને કોઈ દેવતા અથવા ગૃહ સાથે સંકળાયેલું માનવામાં આવતું હતું.
- દા.ત. ઘઉં એ સૂર્યદેવ સાથે સંકળાયેલા વસ્તુ અને ચોખા એ ચંદ્રદેવ સાથે સંકળાયેલા વસ્તુ માનવામાં આવે છે.

**- જાતોની વિવિધતા**

- વિવિધ પ્રકારની જમીન અને આબોહવા માટે વિવિધ જાતના બિયારણનો ઉપયોગ કરવામાં આવતો હતો.

**- બિયારણનું શુદ્ધિકરણ**

- વાવણી પહેલા બિયારણને પાણીમાં ડુબાડીને અથવા ગાયના છાણમાં મિક્ષ કરીને શુદ્ધિકરણ કરવાથી રીત પ્રચલિત હતી.

**બિયારણ સાથે સંકળાયેલા રીવાજો**

**- બિજધાન પ્રથા**

- નવા વર્ષની શરૂઆતમાં બિજધાન રાખવાની પ્રથા પ્રચલિત હતી. જેમાં અનેક ગામડાંઓના તમામ ખેડૂત કુટુંબો ભેગા થઈ જીવનમાં અનાજના મહત્વ સમજાવે છે.

**- બિયારણનું પૂજન**

- ખેત વ્યવસ્થાના એક ભાગ તરીકે વાવણી કરવામાં આવે છે તે પહેલાનું તેનું દિવ્ય રીતે પુજન કરવામાં આવે છે. જેમાં ખેડૂત કુટુંબો ખેતીને એક જોવાદોરી માનતા હતા. જે આજે ઘણા વિસ્તારમાં જોવા પણ મળે છે.

**- બિયારણની રક્ષા**

- ખેતરમાં પશુ-પક્ષીઓથી બિયારણની રક્ષા કરવા માટે વિવિધ પ્રકારની દેશી સંરક્ષણ વ્યવસ્થા ઉભી કરવામાં આવતી હતી. જેમકે ખેતરમાં ગંધયુક્ત ઘટકો ઉમેરી, કડવાશ લાગતા ઘટકો ઉમેરી, કાટાદાર કણકો ઉમેરી વગેરે રીતે બિયારણની રક્ષા કરવામાં આવે છે.

**મુખ્ય બિયારણ**

**- ધાન્ય**

- ઘઉં, ચોખા, જવ, બાજરી, નાગલી વગેરે જેવા ધાન્યો ખુબ જ સામાન્ય પ્રકારનાં હતા. પ્રસ્તુત ધાન્યો દેવી-દેવતા સમાન માનીને તેની પણ પૂજા કરવામાં આવતી હતી.

**- દાળ**

- તુવેર, ચણા, મગ જેવી દાળો સામાન્ય લોકોની આર્થિક અને સામાજિક જીવાદોરી ગણવામાં આવતી હતી. જેનાં થાકી તે વ્યાપાર અને વ્યવહાર બન્ને નિભાવતા હતા.

**- તેલના બીજ**

- તલ, સરસવ, મગફળી વગેરે જેવા તેલના બીજનો ઉપયોગ તેલ કાઢવા માટે અને ખાદ્ય પ્રદાર્થ તરીકે થતો હતો.

**- શાકભાજી**

- પાલક, મૂળા, ગાજર, ભીંડા વગેરે જેવી શાકભાજી પણ ઉગાડવામાં આવતી હતી. આથી એમ માની શકાય કે પ્રસ્તુત શાકભાજી અનાજ અને કઠોળ જેવા ધાન્યો સાથે વધુ પ્રમાણમાં ખોરાકમાં લેવાતા હશે.

**2) ખાતર**

**સામાન્ય સમજ…..**

- જે વાપરવાથી જમીનની ભૌતિક સ્થિતિ સુધરે છે, જમીનમાં ભેજ સંગ્રહશક્તિ વધે છે પરિણામે જમીનની ઉત્પાદકતામાં વધારો થાય છે. તે દ્રવ્યને ખાતર કહેવાય છે.
- પૌરાણિક કાળથી ખેતીમાં જુદા જુદા પ્રકારનાં દેશી ખાતરોનો વપરાશ અને ઉપયોગ કરવામાં આવતો હતો જેની મહત્વની બાબતો નીચે મુજબ સમજાવી શકાય.

**કુદરતી પદ્ધતિ**

- ખેડુતો કુદરતી પદ્ધતિઓ જેવીકે ગાયનું છાણ, લીલો પડવાશ, વનસ્પતિ છોડ, લીલો સુકો કચરો વગેરેનો દૈનિક અઠવાડિયેક ઉપયોગ કરવાનું માનવામાં આવતું હતું.

**આધ્યાત્મિક વિશ્વાસ**

- ખેતી પદ્ધતિ એક પવિત્ર પૂજા કે અર્ચના માની લોકો જેટલો કુદરત પર વિશ્વાસ કરે છે તેવી જ રીતે તે ખેતી અને તેની પદ્ધતિને માનતા હતા.

**- પૌરાણિક ખાતરોની વિગતે માહિતી સમજીએ.**

**ગાયનું છાણ**

- ગાયનું છાણ જે પાકને પોષકતત્વો પૂરા પાડવા આ ઉપરાંત પાકની સારી ગુણવતાને નિખારે છે. તેવી મહત્વની બાબતો સ્પષ્ટ થઈ હતી.

**લીલો પડવાશ**

- પરંપરાગત રીતે જ ખેતી પદ્ધતિ અને વ્યવસ્થામાં લીલો પડવાશ મહત્વના ખાતર તરીકેની મહત્વની ભૂમિકા ભજવતો હતો. જે બાબતે એમ કહી શકાય કે વૃક્ષ અને છોડનો બિનજરૂરી લીલો છોડ કે કચરો જ લીલો પડવાશ છે જેને દાટીને ખેત ઉત્પાદકતા વધારવાના પ્રયાસો કરવામાં આવે છે.

**કંપોસ્ટ ખાતર**

- વિવિધ પ્રકારના છોડવા, વૃક્ષો, કચરા, પ્રાણી-પક્ષીઓના મળમૂત્ર વગેરેને સડવા દઈને અમુક સમય પછી જે મિશ્રણ પ્રાપ્ત થાય છે તે પણ એક ખાતર તરીકે ઉપયોગમાં લેવામાં આવતું હતું.

**3) જૂના ઓજારો**

- પૌરાણિક કાળથી ખેતી માટે ઘણા બધા સરળ અને કુદરતી ઓજારોનો ઉપયોગ કરવામાં આવતો હતો. આ ઓજારો મુખ્યત્વે લાકડાં, પથ્થર, હાડકા જેવી સામગ્રીઓમાંથી બનાવવામાં આવતા હતા. આ ઓજારોનો ઉપયોગ જમીન ખેડાણ, બીજ સાચવણી, પાક કાપવા-વાવવા વગેરે રીતે ઉપયોગી સાબિત થતા હતા.

**મુખ્ય ઓજારો તરીકે.....**

**હળ**

- જમીન ખેડવા માટે હળ મુખ્ય સાધન તરીકે જોવામાં આવતું હતું. જે લાકડાંનું બનેલ તક્ષણ હતું. તેને બેય છેડે બળદો બાંધી તેને ખેંચવામાં આવતું હતું અને જમીનનું એક લાઈ અને સમાંતર લાઇને ખેડાણ કરવામાં આવ્યું હતું.

**કોદાળી**

- કોદાળીનો ઉપયોગ જમીન ખોદવા-ખેડવા માટે થતો ત્યારબાદ નિંદામણ કરવામાં આવતું અને પાકને ઉચકવામાં આવતો તેવી બાબતો સ્પષ્ટ થતી હતી.

**દાતરડું**

- પાકને કાપવા માટે દાતરડાનો વિશેષ પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવતો હતો. જેનો હાથો લાકડાનો અને તેની સાથે લોખંડની ધારદાર તિક્ષ્ણ પટ્ટી જોડાયેલી હતી.

**પાવળો**

- પાવળોનો પહેલા છોડ ઉખાડવા કે વૃક્ષો વાવવા ઊંડા પ્રકારના ખાડા ખોદવા માટે થતો હતો. જેનાથી તીક્ષ્ણ પથ્થરો અને માટીના મજબૂત ઢેફાં સરળતાથી જમીનમાંથી દૂર કરી જમીનને ખેતીને લાયક બનાવી શકાતી હતી.

**ખુરપી**

- ખેતીમાં ખુરપીનો ઉપયોગ સૂક્ષ્મ થી અતિ સૂક્ષ્મ વૃક્ષની દાળીયો, નાનાં વિસ્તારમાં ખોદકામ કે પછી નિંદામણ કરવા માટે થતો હતો.

**4) સિંચાઈ**

- ખેતીના પાકોને કુત્રિમ ઉપાયો દ્વારા પાણી પૂરું પાડવાની પદ્ધતિ એટલે સિંચાઈ.
- સિંચાઈ એ દુષ્કાળની સ્થિતિમાં અથવા વરસાદ ન હોય ત્યારે અથવા જમીનમાં પૂરતા પ્રમાણમાં ભેજનું પ્રમાણ ન હોય ત્યારે કૃત્રિમ રીતે પાણી આપવાની પ્રક્રિયા છે.
- પાક ઉગાડવા માટે ખેતરમાં કૃત્રિમ રીતે પાણી આપવાનું આયોજન તથા તે માટે જરૂરી સવલતોને લગતી ઇજનેરી સુવિધા એટલે સિંચાઈ.

**પરંપરાગત સિંચાઈના સ્રોત**

- કૂવાઓ, બોરકૂવાઓ, તળાવો, સરોવર, નદીઓ, બંધ (ડેમ), નહેરો

**સિંચાઈની પરંપરાગત રીતો (Traditional Methods of Irrigation)**

- કૂવાઓ, સરોવરો તેમજ નહેરોમાં ઉપલબ્ધ પાણીને ખેતરમાં પહોંચાડવાની રીતો જુદા-જુદા ક્ષેત્રોમાં જુદી-જુદી જોવા મળતી હતી.

- ઢોર અથવા મજૂર આ ક્રિયાવિધિમાં ઉપયોગમાં લેવામાં આવે છે. અર્થાત્ આ રીતો સસ્તી છે, આમ છતાં આજે આ રીતો ઓછી કાર્યક્ષમ છે. જેને નીચે મુજબ દર્શાવી શકાય.

**- મોટ (ગરગડીયુક્ત વ્યવસ્થા)**

- લાકડાની જાડી પટી કૂવા, વાવ કે નદી તરફ આડી રાખી એક ગરગડી (ગરેડી) રાખી તેમાં મજબૂત દોરડું વીટી એક બાજુ પાણી સંગ્રહ થાય તેવું સાધન (ડોલ) બાંધવામાં આવે છે અને બીજી બાજુ બળદ બાંધી પાણીમાં સંગ્રહ અંગેનું સાધન તળ સુધી ઉતારી બળદ દ્વારા દોરડું ખેંચતા પાણીનો વિશાળ જથ્થો ઉપર ખેચી ખેતરને પાણી પૂરું પાડવામાં આવે છે. જેને પરંપરાગત સિંચાઈ પદ્ધતિની એક રીત માનવામાં આવે છે.

**- ચેનપંપ (સાંકળ) (Chain Pump System)**

- પ્રસ્તૂત પદ્ધતિનો પરંપરાગત સિંચાઈ પદ્ધતિઓમાં સમાવેશ કરવામાં આવે છે. જેમાં પદ્ધતિના નામ પરથી જ એમ કહી શકાય છે કે સાંકળ દ્વારા બકેટ સિંચાઈ.
- લાકડાંની ધરી પર એક લાકડાનું મોટું વિલ (પૈડું) હોય છે, તેના એક છેડે લોખંડની કૂલી હોય જે ચેન દાંતી જેવું કામ કરે છે. લોખંડની ચેન પર બકેટ (ડોલ) બાંધેલી હોય છે. લોખંડની બીજી અને નાની કૂલી પાણીની અંદર હોય છે. જે લાકડાં સાથેની કૂલી સાથે ચેનથી જોડાયેલી હોય છે. કોઈ વ્યક્તિ દ્વારા લાકડાંની ધરી પર રહેલ કૂલી અને પૈડાં (વિલ) ફેરવતા સાઈકલ જેવી રચનાં બને છે અને બકેટ દ્વારા પાણી સપાટી પર ખેંચવામાં આવે છે. આની મર્યાદા એ છે કે વધારે ઊંડાણમાં રહેલ પાણી પ્રસ્તુત પદ્ધતિ દ્વારા ખેંચવું શકય નથી.

**- ઢેક્લી (Dhekli System)**

- એક પ્રકારનું ઉચાલન એટલે કે કૂવામાંથી પાણી ખેંચવાનું યંત્ર ગણવામાં આવે છે.
- કૂવામાંથી ખેતર માટે પાણી પૂરું પાડવામાં તેનો વિશેષ ઉપયોગ થતો હતો. તેમાં એક મોટો વાંચ હોય છે. તેના એક છેડે બકેટ અને બીજે છેડે ભારે વજન (પથ્થર) બાંધેલ હોય છે અને લાકડાં ઉપર ટેકવી રખાય છે સહેજ ધક્કો મારવાથી બકેટ (ડોલ) તરત જ ઉંચે આવી જાય છે અને તે ભારે હોવાથી વજન (પથ્થર) નીચે આવે છે અને તેને ઊંચકવું સહેલું બનતા ભારે પાણીનો જથ્થો ખેતરમાં ઠલવાઈ છે. જેને પણ સિંચાઈની એક પરંપરાગત પદ્ધતિ કે રીત માનવામાં આવે છે.

**- રાહત / રહેટ (Rahat System)**

- લોખંડના એક મોટા વિલ પર નાના-નાના બકેટ (ડોલ) લગાવી તેવા જ બીજા લોખંડના વિલ પર લાકડાંની મદદથી બળદ બાંધી તેના દ્વારા લાકડાને ગોળાકાર ખેંચવામાં આવે છે પરંતું તેના પહેલા લોખંડના વિલને એવી રીતે જોડવામાં આવે છે કે જેથી બળદ જેટલી વાર ગોળકાર ફરશે તેમાં પહેલું વિલ એટલું પાણી સંગ્રહિત કરી નાના- નાના બકેટ દ્વારા ચેનલમાં પાણી સંગ્રહિત થઈ સીધું ખેતરમાં જશે. જેને પણ સિંચાઈની પરંપરાગત પદ્ધતિ કે રીત માનવામાં આવે છે.

**ભારતમાં જૂની ખેત પદ્ધતિનું મહત્વ**

**ભારતમાં જૂની ખેત પદ્ધતિઓનું મહત્વ નીચેના મુદ્દાઓ દ્વારા સમજી શકાય.**

**કુદરતી સંતુલન**

જૂની ખેત પદ્ધતિઓમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો નહિવત ઉપયોગ હતો, તેમ છતાં ખેત જમીન અને પર્યાવરણને સાનુકૂળ સબંધો જોવા મળતા હતા તેમજ પર્યાવરણીય સંતુલન પણ જળવાય રહેતું હતું. તે દ્રષ્ટિએ જૂની ખેત પદ્ધતિઓનું મહત્વ રહેલું છે.

**જમીનની ફળદ્રુપતા**

જૂની ખેત પદ્ધતિઓમાં છાણ્યું ખાતર અને અન્ય કુદરતી ઘટકોના બનેલા ખાતરોનો ભરપુર ઉપયોગ કરવામાં આવતો હતો, આજ કારણથી જમીનની ફળદ્રુપતા તેમજ કુદરતી સમતુલા જાળવાય રહેતી હતી. આમ, જમીનની ફળદ્રુપતાના સંદર્ભમાં જૂની ખેત પદ્ધતિઓનું મહત્વ રહેલું છે.

**પાણીની બચત**

જૂની ખેત પદ્ધતિ અંતર્ગત પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવામાં આવતો હતો, જેના કારણે ઓછા પાણી પૂરવઠા દ્વારા પણ વધુમાં વધુ અને ગુણવતાયુક્ત ઉત્પાદન મેળવી શકાતું હતું, આમ, પાણીની બચત કરવાની દ્રષ્ટિએ પણ જૂની ખેત પદ્ધતિઓનું મહત્વ રહેલું છે.

**બીજની વિવિધતા**

જૂની ખેત પદ્ધતિઓમાં દેશી બીજનો ઉપયોગ થતો હતો, એટલે કે કૂદરતી રીતે મેળવેલા બીજનો ઉપયોગ સફળ રીતે કરવામાં આવતો હતો. જેના કારણે બીજની વિવિધતા અને તે અનુસાર પાક ઉત્પાદન મેળવી શકાતું હતું. જેનો મહત્વનો ફાયદો એ રહ્યો હતો કે, તે પાક માનવ સમાજ માટે

રોગપ્રતિકારક શક્તિ અને ક્ષમતા વધારવામાં સક્ષમ બન્યા હતા, આમ, બીજની વિવિધતાની દ્રષ્ટિએ પણ જૂની ખેત પદ્ધતિઓનું મહત્વ રહેલું છે.

**સ્વાસ્થ્ય માટે ફાયદાકારક**

જૂની ખેત પદ્ધતિઓમાં ઉત્પાદિત પાક જેમકે અનાજ, કઠોળ તેમજ અન્ય ધાન્યોને કેમિકલ્સથી મુક્ત કુદરતી પદ્ધતિનો આધાર લઈ ઉગાડવામાં આવતા હોવાથી માનવ સમાજ માટે તે કુદરતી આશીર્વાદરૂપ સાબિત થતાં હતા, આમ, જૂની ખેત પદ્ધતિ માનવ સમાજના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક નીવડી હતી, તે દ્રષ્ટિએ તેનું મહત્વ રહેલું છે.

આમ, ભારતની જૂની ખેત પદ્ધતિઓ દ્વારા ખેડૂતો સામાન્ય જીવન પણ સ્વસ્થ જીવન માણતા હતા, જેમ જેમ સમય આગળ ચાલતો ગયો તેમ તેમ જૂની ખેત પદ્ધતિ માનવ સમાજ ભૂલતો ગયો છે, તેથી હું કરંગીયા દિશા બાબુભાઈ, ભાટીયા કોલેજની વિદ્યાર્થીની પ્રસ્તુત સંશોધન પેપરના માધ્યમથી લોકોમાં જૂની ખેત પદ્ધતિ અંગેની જાગૃતિ અને સમજ સામે આવે તેવો નમ્ર પ્રયાસ હાથ ધર્યા છે.

**તારણો**

- ભારતની પરંપરાગત ખેત પદ્ધતિથી માહિતગાર થયા.
- ભારતીય પરંપરાગત ખેત પદ્ધતિ અંતર્ગત બિયારણ અને તે અંગેની મહત્વની બાબતો સ્પષ્ટ થઈ હતી.
- ભારતીય પરંપરાગત ખેત પદ્ધતિ અંતર્ગત ખાતર અને તે અંગેની મહત્વની બાબતો સ્પષ્ટ થઈ હતી.
- ભારતીય પરંપરાગત ખેત પદ્ધતિ અંતર્ગત જૂના ઓજારો અને તે અંગેની મહત્વની બાબતો સ્પષ્ટ થઈ હતી.
- ભારતીય પરંપરાગત ખેત પદ્ધતિ અંતર્ગત સિંચાઇ અને તે અંગેની મહત્વની બાબતો સ્પષ્ટ થઈ હતી.
- ભારતીય પરંપરાગત ખેત પદ્ધતિ અંતર્ગત ખેત પેદાશો સંલગ્ન મહત્વની બાબતો જાણવા મળી હતી.
- ભારતીય અર્થતંત્રના સંદર્ભમાં જૂના વિચારો અને ખેડુતોની પરંપરાગત આવડતથી માહિતગાર થયા.

- ભારતીય અર્થતંત્રના સંદર્ભમાં પરંપરાગત ખેત પદ્ધતિનું શું મહત્વ રહેલું છે, તેને સમજી શક્યા હતા.

**સમાપન**

આમ, પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં આપણે ભારતની પરંપરાગત એટલે કે જૂની ખેત પદ્ધતિથી માહિતગાર થયા તેની સાથે સાથે જૂના બિયારણ, ખાતર, ઓજાર તેમજ સિંચાઇ વ્યવસ્થાની મહત્વની બાબતો સ્પષ્ટ કરી હતી. જે ભારતીય અર્થતંત્રના પરંપરાગત આયોજનની સાબિતી પૂરી પાડે છે.

**સંદર્ભસૂચિ**


- @krushividhya
- gu.m.Wikipedia.org
- godhaniempire.com
- https://safalkisan.com
- https://www.britannica.com
- https://www.divyabhaskar.co.in
- http://www.godhaniempire.com
- Kisan parivar (Youtube Chennal) 2012
- Traditional Methods farming (Youtube Chennal) 2014
- Ministry of Agriculture & Farmers Welfare, 2016
- બાળકૃષ્ણ મૂળે (2008) કૃષિ
- પરંપરાગત ખેતી, વિકીપીડિયા, 2016
- કૃષિ માર્ગદર્શિકા, 2018
- પરંપરાગત ખેતી માર્ગદર્શિકા, 2019
- હેમાલી પટેલ (2019) કૃષિ પરિચય ઉદ્દભવ અને વિકાસ